ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૯-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

અમિત શાહ : હાથી ચલત હે – – અપની ગત મેં

લોકસભાની ચૂંટણીમાં પડઘમ વાગવા માંડ્યા ત્યાં સુધી અમિત શાહ પ્રદેશ કક્ષાના આગેવાન હતા. એમની સામે અનેક જાતની તપાસો ચાલતી હતી અને સોહરાબુદ્દીન-તુલસીરામ પ્રજાપતિ એન્કાઉન્ટર જેવા કેસમાં તો એમને જેલ સુદ્ધાં થઇ હતી. એક યુવતીની જાસૂસીમાં પણ એમનું નામ સંડોવાયું હતું. તેમ છતાં, ચાણક્ય બુદ્ધિ ધરાવતા આ માણસાના વણિક પુત્ર ગુજરાતના રાજકારણનું મોટું માથું તો બની જ ચૂક્યા હતા અને સોહરાબુદ્દીન મામલે વર્ષોથી જેલવાસ ભોગવી રહેલા વરિષ્ઠ પોલીસ અધિકારી ડાહ્યાજી ગોબરજી વણઝારાની ભાષા વાપરીને કહીએ તો, ભાજપના કેસરિયા રાજકારણમાં 'ધોળી દાઢી' કહેતાં મોદીને આ 'કાળી દાઢી' વગર સોરવે એમ નહોતું. નરેન્દ્ર મોદીએ આ વિચક્ષણ રાજકારણીની શક્તિનો રાષ્ટ્રીય સ્તરે વિનિયોગ કર્યો. પહેલાં રાજનાથસિંહની અધ્યક્ષતા વાળી રાષ્ટ્રીય કાર્યકારિણીમાં મહાસચિવ બનાવી ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે અમિત શાહે કરેલી કામગીરીના પ્રતાપે ભારતીય જનતા પાર્ટી સ્વબળે ૨૮૨ જેટલી બેઠકો મેળવી શકી છે એટલે મોદી વાજબી રીતે જ એમને લોકસભાની ચૂંટણી ગેમના 'મેન ઓફ ધ મેચ' ગણાવતા રહ્યા છે. અમિત શાહની આવી બિરદાવલી અને તે પણ વડાપ્રધાનના મોઢે સાંભળીને સંઘસુપ્રીમો મોહન ભાગવત પણ નારાજ થયા હતા તે કોણ નથી જાણતું? પરંતુ અમિત શાહની ચાણક્ય બુદ્ધિ થકી જ ઉત્તરપ્રદેશમાં સ્થાપિત પ્રાદેશિક પરિબળો અને રાહુગ ગાંધીના ઝુઝારુ પ્રચારથી પુનઃસ્થાપિત થવા માગતી કોંગ્રેસનો રકાસ શક્ય બન્યો હતો તે એક ઐતિહાસિક સત્ય છે. અમિત શાહે ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકેની જવાબદારી સ્વીકારતાં સૌ પ્રથમ અયોધ્યા પહોંચી જઇ રામલલાના દર્શન કર્યાં હતા. આથી પ્રદેશમાં હિંદુ બહુમતીને એક સ્પષ્ટ સંકેત મળી ગયો હતો. મુઝફ્ફરનગરના દ્વારકામુખી વિસ્તારમાં ૪ એપ્રિલ, ૨૦૧૪ના દિવસે સંબોધેલી સભામાં એમણે તે પંથકમાં પ્રવર્તતી સાંપ્રદાયિક તનાવની પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. મુઝફ્ફરનગરમાં કોમી રમખાણોમાં હિંદુ-મુસલમાન સામસામે આવી ગયા હતા. આગ અને લૂંટફાટના બનાવો બન્યા હતા અને લઘુમતી કોમ વિરૂદ્ધ હિંદુ પ્રજામાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો હતો. કોમી રમખાણો ઉશ્કેરવામાં ભાજપના તે વિસ્તારના ધારાસભ્યો સંગીત સોમ અને સુરેશ રાણા સહિત ઘણા સ્થાનિક કાર્યકરો સંડોવાયા હતા. ઉત્તરપ્રદેશ પોલીસે એમની ધરપકડ પણ કરી હતી. અમિત શાહને આ ભારેલા અગ્નિ જેવી સ્ફોટક સ્થિતિમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાનું બહુ જ અનુકૂળ પડ્યું હતું. એમણે જે 'પ્રેરક' કે કહેવાતું 'ઉશ્કેરણીજનક' ભાષણ કર્યું એમાં લોકસભાની ચૂંટણીમાં લઘુમતીના પડખે રહેતા પક્ષોનો બદલો લેવાની સ્પષ્ટ વાત રજૂ થઇ હતી. તે જ વખતે ઉત્તરપ્રદેશના વરિષ્ઠ મુસ્લિમ નેતા અને અખિલેશ યાદવના 'નંબર ટુ' આઝમ ખાને પણ કેટલાંક વિવાદાસ્પદ વિધાનો કર્યાં હતા. બેઉ નેઓ વિરૂદ્ધ ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ થઇ હતી. ચૂંટણીપંચે બેઉની પ્રચારસભાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. વિચક્ષણ રાજનેતા અમિત શાહ 'ડાહીમાના દીકરા' એટલે ચૂંટણી પંચ સમક્ષ દિલગીરી રજૂ કરી ને છૂટી ગયા હતા અને મિંયાની ટંગડી ઊંચીને ઊંચી રહેતાં એમના પર લદાયેલ નિયંત્રણ ચાલુ રખાયાં હતાં. ચૂંટણી પરિણામો અમિત શાહની ધારણા કરતાં પણ સારાં આવતાં આ આખી બાબત વિસરાઇ ગઇ હતી પણ હવે જયારે પેટા ચૂંટણીનું મતદાન થવાનું છે ત્યારે ઉત્તરપ્રદેશ સરકારે અમિત શાહ સામે કોમી ઉશ્કેરણી, ખોટું નિવેદન આપી અફવા ફેલાવવી, ધર્મ અને જાતિના આધારે બે સમુદાયો વચ્ચે દ્વેષ ફેલાવવો વગેરે સૂચવતી ઇન્ડિયન પીનલ કોડની કલમો હેઠળ ચાર્જશીટ મુકી છે. આ ચાર્જશીટમાં નોંધાયેલ આરોપ સાચા ઠરે તો આરોપીને વધુમાં વધુ ત્રણ વર્ષની જેલ થઇ શકે છે. જો કે અમિત શાહ આવી ચાર્જશીટોથી ટેવાયેલા છે એમનું રૂંવાડું પણ ફરક્યું નહીં હોય! ઉત્તરપ્રદેશ પોલીસની આ ચાર્જશીટથી કોંગ્રેસ પણ હરખાય તે સ્વાભાવિક છે. રાશીદ અલવી જેવા નેતા નેતાએ તો ચૂંટણી પહેલાં અમિત શાહની ધરપકડ કરવી જોઇએ એવી માગણી કરી છે. કોંગ્રેસ અને ઉત્તરપ્રદેશની સમાજવાદી પક્ષની સરકારની કમનસીબી તો જુઓ! મુઝફ્ફરનગરની અદાલતે શામલી અને બિજનોરની આ ચાર્જશીટ પાછી મોકલવી દીધી છે કારણ કે એને એ ભૂલભરેલી લાગી છે! અમિત શાહ હવે નરેન્દ્ર મોદીના જમણા હાથ બની ચૂક્યા છે. દેશના અને પાર્ટીના અન્ય કોઇ પણ નેતા કરતાં મોદીને એમના આ ગુજરાતી વણિક સાથી વધુ ભરોસાપાત્ર લાગ્યા એથી સ્તો એમણે સંઘ અને સિનિયરોની ઇચ્છા વિરૂદ્ધ અમિત શાહને જ પાર્ટીના રાષ્ટ્રીય સુકાની તરીકે પસંદ કર્યા હતા. અમિત શાહ હાલ ગુજરાત વિધાનસભાના સદસ્ય છે. એમને રાષ્ટ્રીય સ્તરે ઊંચકી લીધા પછી મોદી એમને રાજયસભામાં લઇ આવે એવી પુરી શક્યતા છે. બનવાજોગ કે પોતે લોકસભામાં ઉત્તરપ્રદેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે એમ અમિત શાહને તેઓ ગુજરાત સિવાયના જ કોઇ પ્રદેશમાંથી રાજયસભામાં લઇ આવે. વડોદરાની ખાલી બેઠક પર એમણે અમિત શાહને ચૂંટણી ન લડવા દીધા એ સૂચક નથી શું? મહાભારતકના યુદ્ધમાં અર્જુનનાં હિતોની રખેવાળી ભગવાન શ્રીકૃષ્ણે સંભાળેલી એમ ગુજરાતમાં વર્તમાન મહિલા મુખ્યમંત્રીના યોગક્ષેમની સઘળી જવાબદારી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સ્વીકારી હોય ત્યારે અમિત શાહ જેવા ચાણક્યને એ ગુજરાતથી વેગળા જ રાખે, તે સમજી શકાય એમ છે.

એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટમાં થીંક આઉટ ઓફ બોક્સ પર સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૧૧

એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અને જુનિયર ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ ગાંધીનગરના સહયોગથી કોલેજમાં થીંક આઉટ ઓફ બોક્સ વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૩ સ્થિત એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટમાં વિદ્યાર્થીઓની વિચાર શક્તિ વિકસાવવા થીંક આઉટ ઓફ બોક્સ વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં દિવ્ય ભાસ્કરના ડેપ્યુટી ચીફ ઓડિટર શૈલેન્દ્ર વાઘેલા અને ઈનોવેટીવ આંત્રપ્રિન્યોરના દેવેન્દ્ર ખુમાન મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે તમારે જીવનમાં આગળ આવવા અભ્યાસની સાથે સાથે જીવનમાં ઉપયોગી થાય તેવા વિષય પર ધ્યાન આપવું જોઈએ. ડૉ. ભાવિન પંડ્યાએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજી અને સાહિત્યક્ષેત્રે ઈનોવેટીક કાર્ય કરી રાજ્યના વિકાસમાં સહયોગ આપવો જોઈએ. સેમિનારમાં કડી સર્વ વિદ્યાલય સંલગ્ન વિવિધ કોલેજોના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

મહિલા કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગર દ્વારા ડબલ્યુ.ડી.સી. અંતર્ગત રાંધેજા ખાતે મહિલા કાનુની જાગૃકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓના કાનુની અધિકારો અને તેની સાર્થકતા વિશે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. દિલીપ એ. મેવાડા, પ્રોફેસર્સ તથા એલએલબીના વિદ્યાર્થીઓએ આ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમમમાં રાંધેજા હાઈસ્કુલના વિદ્યાર્થી ભાઈ-બહેનો, રાંધેજા કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી અને ગામના આગેવાનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વ્યાખ્યાન, વાનગી સ્પર્ધા, ફીલ્ડ વીઝીટ, ફીલ્મ, ક્વીઝ હરિફાઈ, પોસ્ટર મેકીંગના કાર્યક્રમ યોજાયા હતા. ડૉ. હેમલત્તાબેન પટેલે આંગણવાડીના બાળકો માટેના આહાર વિષયક માહિતીપ્રદાન વ્યાખ્યાન આપ્યું હતું. વાનગી સ્પર્ધામાં પોષણયુક્ત વાનગી જેમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણાની કોલેજોએ ભાગ લીધો હતો. વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે નિધી પટેલ, દ્વિતીય ક્રમાંકે અમી શાહ, તૃતીય રશ્મી મકવાણા, ચતુર્થ ક્રમે મનાલી બારોટ, પાંચમા ક્રમે જયશ્રી વાઘેલા વિજેતા બન્યા હતા. નિર્ણાયક બાળહક્ક કમિશનના ચેરમેન ડૉ. રામેશ્વરી પંડ્યા તથા આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના હસ્તે ઈનામો અપાયા હતા. મંથન ફિલ્મ સ્ત્રી સશક્તિકરણ વિષે બનાવવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

બહેન આપણા રાઈટર ચીનનાં પ્રમુખનાં સ્વાગત માટે સ્ક્રીપ્ટ લખવા, બેસી ગયા છે... આપણે પહેલા એમને કહેવું પડશે કે, 'જીનપીંગ'નો અર્થ શો છે ?!

અસ્મિતા દર્શન જ્ઞાન સપ્તાહ ઉજવણી

ગાંધીનગર, તા. ૧૧

શ્રી એમ.બી. પટેલ સાર્વ. વિદ્યાલય વાવોલ ખાતે તા. ૧ થી ૫ મી સપ્ટેમ્બર સુધી જ્ઞાન સપ્તાહની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી.

જેમાં સ્વચ્છતા, સમૃદ્ધિ, સ્વશિક્ષણ, સમુલ્લાસ અને સન્માન જેવાં મૂલ્યો અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તા. ૧ સપ્ટેમ્બરથી ૫ સપ્ટેમ્બરની આ પ્રવૃત્તિઓમાં ગ્રામસફાઈ, વ્યસનમુક્તિ રેલી, વર્ગ સુશોભન, રંગોલી સ્પર્ધા, ચિત્ર-નિબંધ સ્પર્ધા, વૃક્ષારોપણ, સુલેખન, મહિલા સશક્તિકરણ અને ગુરૂવંદના તથા સ્વયં શિક્ષકદિન જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

મહિલા સશક્તિકરણ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના મહિલા પી.આઈ. મીનાક્ષીબેન પટેલ તથા મહિલા પીએસઆઈ મનિષાબેન પુવારે તેમજ શ્રી અરવિંદભાઈ રાણા (ટેકનીકલ ડાયરેક્ટર ઓલ ઈન્ડિયા કરાટે ડુ એસોસિએશન) હાજર રહી વિદ્યાર્થીનીઓને પ્રેરણા પુરી પાડી હતી. ગુરૂવંદના પ્રસંગે ભુતપૂર્વ શિક્ષક સન્માનમાં પ્રગતિ મંડળ વાવોલના મંત્રી રઘુભાઈ ગોલ ઉપસ્થિત રહ્યા હતા.

ડાક અદાલત યોજાશે

સે. ૧૧ સ્થિત સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવિઝન ખાતે ટપાલને લગતી ફરિયાદોના નિવારણ માટે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. ડાક અદાલત તા. ૨૪ સપ્ટેમ્બર, સવારે ૧૧.૦૦ વાગે સેક્ટર-૧૧ સ્થિત ઓફિસે યોજવામાં આવશે. ટપાલને લગતી ફરિયાદ માટે તા. ૧૯ સપ્ટેમ્બર દરમિયાન સુપ્રિટેન્ડેન્ટ ઓફિસ ખાતે મોકલવાની રહેશે.

લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાલી મિટિંગ યોજાઈ

બાળકના સર્વાંગી વિકાસમાં બે અગત્યના કેન્દ્રો હોય તો તે શિક્ષક અને વાલી છે. જે બાળકમાં રહેલી કાર્યક્ષમતા બહાર લાવી તેને વિદ્યાર્થી જીવનમાં સારા સંસ્કાર આપવાનું પવિત્ર કાર્ય કરે છે અને સમાજ તથા રાષ્ટ્રને એક ઉત્તમ નાગરિક આપે છે. લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રથમ સત્રની વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલી તરીકેની ફરજો અને ઘર પરિવારમાં હકારાત્મક વાતાવરણ સર્જી બાળકને પ્રોત્સાહન કેવી રીતે પરું પાડી શકાય તથા વિદ્યાર્થીને અવરોધરૂપ બાબતોનું નિરાકરણ કરી, ધ્યેય હાંસલ કરવામાં પડતી મુશ્કેલી કેવ રીતે દુર કરી શકાય, તેની તંદુરસ્ત ચર્ચા વાલી મિટીંગમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા દ્વારા વાલીને પ્રતિજ્ઞા કરાવવામાં આવી હતી કે આદર્શ સમાજની રચના થકી સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે સદા પ્રયત્નશીલ રહીશું.

ઓફિસમાં બોસની સમદૃષ્ટિ કે વક્રદૃષ્ટિ?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

કોર્પોરેટ ઓફિસમાં વિચારમગ્ન બોસ બેઠા છે. ભવિષ્યના પ્રોજેક્ટ્સ (પ્રકલ્પ) વિશે ચિંતન કરે છે. બીજી બાજુ મહેશભાઈ તેની કેબિન (લઘુપ્રકોષ્ઠ)માં બેસીને કામમાં મન પરોવે છે. પણ... મન વારંવાર ગમગીન અને ગડમથલવાળા વિચારે પડી જાય છે. બન્યું એવું કે છેલ્લા કેટલાય સમયથી તેમના બોસ ન ગમે અને ન સમજ પડે તેવું વર્તન કરી રહ્યા હતા. ઓફિસમાં કામ કરનારા બીજા કર્મચારીઓનો મેળો પણ, ઘણા દિવસથી બીગબોસ માત્ર મહેશને જ વારંવાર બોલાવી થોકબંધ કામ સોંપી રહ્યા હતા. મહેશ વિચારે છે કે મારી પાસે અગાઉથી સોંપેલા કામનો ઢગલો છે. છતાં, પણ અક્કલની બદામ જેવા બોસ મને જ શા માટે કામનો બોજ આપતાં હશે? ઘરનાં સભ્યો સાથે ખાસી ચર્ચા કરી પણ કોઈ ઉકેલ ન મળ્યો. તેમણે બોસને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો પણ, બોસે શરૂઆતમાં તો એમ કહી દીધું કે, 'જો ભાઈ, ઓફિસમાં તમે એકલા તો કામ કરતા નથી ને? આ તમારો વહેમ છે કે તમે જ કામ વધારે કહો છો. હા, પેલી નવી સાઈટની ફાઈલનું કામ આજે પતાવીને જ જવાનું છે, અને સાંભળો...! ઘરે જતાં આપણે સાથે જ એક કલાયટને ત્યાં મળીને જવાનું છે.'

અસમંજસ મહેશે બે દિવસ ફરી વાત ઊઘાડી, 'સર! હું મારું કામ પુરી નિષ્ઠાથી કરું છું પણ કામ તો વધતું જ જાય છે. ત્યારે વળી બોસે જુદો જવાબ આપ્યો.' જુઓ મહેશભાઈ! કામ તો કરવું જ જોઈએ. તમારી કામ કરવાની પદ્ધતિ બદલો. તોડું કામ લઈ ઘરે જાઓ. અન્ય ઉપાયો વિચારો. એમ.બી.એ. કરીને આવ્યા છો યાર, કામનું મેનેજમેન્ટ કરતાં શીખી જાઓ' મહેશ માટે હવે ઉપાયો ખૂટવા લાગ્યા હતા. મનની અસર શરીર ઉપર પણ થવા લાગી. ઘરનાં સભ્યોએ કહ્યું કે એવું હોય તો બીજે ક્યાંક અરજી કરો અને જો તક મળે તો આ નોકરી છોડીને બીજે ક્યાંક ગોઠવાઈ જવું જોઈએ. મહેશની વિસામણ વધતી જ ચાલી. બીજે ક્યાં જોબ એકદમ મળી જવાની હતી? મળે તો પણ નવેસરથી પગાર અને નવા પ્રકારનું કામ શીખવાની પળોજણ! ફરી નવી જવાબદારીઓ લેવી તો પડે જ.

આ પ્રકારની સમસ્યાઓ નવી નથી, ક્યારેક આવે છે એવું પણ નથી. આ માનસિકતામાંથી જ કુટુંબમાં કલેશ અને પછી ઝઘડો અને કંકાસ. જો વાત આગળ નીકળી જાય તો અપમૃત્યુ કે આત્મહત્યા સુધી વાત પહોંચીને રહે છે. ભારતમાં પણ હવે કામ એ આનંદપ્રદ રહ્યું નથી. કામ એ બોજ બની જાય ત્યારે તેને ઉઠાવનાર માણસ ઓછો અને મજૂર જે પશુ વધુ બની જાય છે. ક્યાં સુધી વ્યક્તિ જીવનની નાવને આનંદની નદીમાં વહાવી શકે છે? જયાં સુધી બધું અનુકૂળ હોય. જયાં ક્યાંક પણ પ્રતિકૂળતા ઊભી થઈ કે વ્યક્તિની વાણી બદલાઈ જાય છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણાં પૂર્વજોએ અનેક એવો વિચારનિધિ આપીને ગયા છે. અંદરની ચિત્તવૃત્તિઓને બદલવાનું કામ આપની રોજિંદી જીંદગીની પસંદગી ઉપર છે. કેવા વ્યક્તિ સાથે તમે મિત્રતા નિભાવો છે. કેટલો સમય છાપાના મનગમતા સમાચાર પશુની જેમ વાગોળ્યા કરો છો! યોગની પાછળ અડધી દુનિયા દોડી રહી છે. આપણે અડધી દુનિયા પાછળ દોડવું છે કે આગળ?

આપણી પાસે માનસિક સંતુલન મેળવવા માટે ઉપાયોનું આખું વિજ્ઞાન ભર્યું પડ્યું છે. વિશ્વના લોકોને આપવા જેવા શાસ્ત્રીય સૂત્રોની મહાન વિરાસત છે અને નિધિ છે. વાત એમ છે કે વેદોમાં સેંકડો મંત્રોમાં જીવનની આંટીઘૂટીને કાવ્યમય રીતે વ્યક્ત થઈ. આ વેદોથી પ્રાપ્ત જ્ઞાનની પરંપરા પતંજલિ મુનિએ આગળ વધારી. તે વિરાસત એટલે પતંજલિનું યોગશાસ્ત્ર. આપણા મહેશભાઈની સમસ્યાને સમજતા પહેલાં કેટલાક પાયાના શાસ્ત્રીય વિચારોને સમજી લઈએ.

માનવ સારા કે ખરાબ વિચારોથી બનતો અને વિસ્તરતો હોય છે. તેની આસપાસની ઘટનાઓ તેને ઘડે છે, તોડે છે અને મરોડે છે. હવે શાસ્ત્રની 'ધ્યોર' વાત ઉપર આવીએ. આ જે કોઈ વિચારો છે તેનું જન્મસ્થાન છે ચિત્ત. કદાચ આ વાત તમે પણ જાણતા હશો!

ચિત્તની પાંચ ભૂમિકા છે. ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ.

૧. ક્ષિપ્ત અવસ્થામાં જીવાત્મા અથવા આપણી અંદરની ઈચ્છાશક્તિ વિવિધ વિષયોમાં તીવ્રતાથી જોડાય જાય તે. આ અવસ્થામાં તેના માટે જે હાનિકારક હોય તે કાર્યો પણ તે કરી બેસે છે. આ અવસ્થામાં રજોગુણનું પ્રાબલ્ય હોય છે જેમ કે, વિદ્યાર્થી અવસ્થામાં મોટાભાગે જો કોઈનું પ્રબળ માર્ગદર્શન ન હોય તો અન્ય વિષયોમાં યુવાનો ઢસડાઈ જતા હોય છે. મહેશભાઈની મનોસ્થિતિ ક્ષિપ્ત અવસ્થામાં હોય એવું પહેલી નજરે લાગે છે? આગળ જોઈએ.

૨. હવે આગળની 'મૂઢ' અવસ્થા વિશે જાણીએ. નિદ્રા, તન્દ્રા, આળસ, મૂર્ચ્છા આદિ અવસ્થાઓ હોવાને લીધે વ્યક્તિની સમજ શક્તિ પીંખાઈ જાય છે. તમોગુણની પ્રધાનતા આ સ્થિતિમાં જોવા મળે છે. યુવા વસ્થામાં નિંદ્રા વગેરેમાંથી એકાદ કુટેવ ઘર કરી જાય તો અનેક આવેલી તકો એની મેળે છીનવાઈ જાય છે.

૩. વિક્ષિપ્ત અવસ્થામાં વ્યક્તિ કોઈ વિશેષ વિષય પર એકાગ્રતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે પરંતુ કોઈ બાધક કારણ (પ્રેમ સંબંધ કે વડિલો સાથે ખટરાગ?) ને લીધે તેની એકાગ્રતા ભંગ થાય છે. એકાગ્રતા ભંગના બે કારણ હોઈ શકે છે. એક બાહ્ય કારણ જેમ કે, તીવ્ર શબ્દ, સ્પર્શ, ગંધ વગેરે. (અમર્યાદ આધુનિકતા અને ભોગવાદનો ભરડો!, હોટેલનું ભોજન!) બીજું આભ્યંકર (આંતરિક) કારણ જેમાં, કોઈ ઈચ્છા (અભિલાષા) થી ઉદ્‌ભવેલ સ્મૃતિ, આળસ, નિંદ્રા, તન્દ્રા કે સંશય. આ અવસ્થામાં સત્યગુણ પ્રધાન અને તમોગુણ ગૌણ હોય છે. ક્યારેક તમોગુણ પણ પ્રગટ થઈ જાય છે.

૪. એકાગ્રતાની અવસ્થા ચોથી છે. જેમાં યોગાભ્યાસી વિવેક, વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા પોતાના ચિત્તને કોઈ શ્રેષ્ઠ વિષય (યોગ) સાથે જોડાઈને તે વિષયમાં અધિકારપૂર્વક લાંબા સમય સુધી સ્થિર રહી શકે છે. મોટા ભાગે સફળ વ્યક્તિઓ આ શ્રેણીમાં આવશે. જેઓ સતત થાક્યા વગર પ્રામાણિકતાથી કામ કરે જાય છે. જેમાં સત્વગુણ પ્રધાન અને રજસગુણ - તમસગુણ ગૌણ રહે છે. આ અવસ્થામાં પદાર્થનું યથાર્થ સ્વરૂપ જ્ઞાન થાય છે. ક્યારેક સફળ વ્યક્તિઓને જીવનનું સત્ય લાધી જાય અને કોઈ અલગારી માર્ગે પણ ચાલી નીકળે છે. (જનસેવા ભેખધારી બિલ ગેટ્સ અને નારાયણ મૂર્તિ વગેરે) જેનાથી કલેશાદિ ક્ષીણ થાય છે. કામનાઓ નબળી પડે છે.

૫. અંતિમ અવસ્થા છે નિષિદ્ધ અવસ્થા. આ અવસ્થા. આ અવસ્થામાં બધી જ આંતર્બાહ્ય વૃત્તિઓને કાબુમાં કરી શકે છે. સત્યનો સાક્ષાત્કાર આ અવસ્થામાં થાય છે ચિત્તની વૃત્તિઓનો રોકવી તે યોગ છે. સ્વામી વિવેકાનંદ જેવા મહાન રાષ્ટ્રીય સંતો, ગાંધીજી જેવા મહાન નેતાઓ અને વિક્રમ સારાભાઈ જેવા વિજ્ઞાનીઓ આ પ્રકારે જીવનને ઢાળતા હોય છે.

ચિત્તને સમજવા અન્ય ત્રણ શબ્દોને સમજીશું તો પણ આખી વાત સરળ બની જશે. ચિત્ત પ્રકાશશીલ (સત્ત્વગુણ), ગતિશીલ (રજોગુણ) અને સ્થિતિશીલ (તમોગુણ) એમ ત્રણ પ્રકારના સ્વભાવનું હોય છે. ક્રમશઃ એક-એક પગથી દ્વારા પ્રકાશશીલ એવા સત્યગુણ તરફ ગતિ કરી શકાય છે. મોહનમાંથી ગાંધીની સફર કહી શકાય.

હવે, મહેશભાઈની મુશ્કેલીને સમજવી સહેલી છે. પહેલી વાત કે તેઓ ઓફિસમાં બીજા કોઈ સાથે ખૂબ ઓછો સંબંધ રાખતા હોય તેવું લાગેછે. તેથી કોણ શું અને કેટલું કામ કરે છે તેની પૂરતી તેમની પાસે માહિતી નથી. બીજી બાબત એ તેમના કામ અંગેની માન્યતા. ઓફિસના સમયમાં સોંપેલું કામ એ બીજા દિવસે પણ પુરૂં થઈ શકે છે. કામ પ્રત્યેની નિષ્ઠા એ ભલે અનન્ય હોય પણ તેની સાથે જ વિક્ષિપ્ત મન હશે તો કામનો આનંદ નહિ આવે. મહેશભાઈને પોતાની કામગીરી એ તેમનો માનસિક શાંતિનો ખોરાક ન બને ત્યાં સુધી કામ બોજો બની જાય છે. ટૂંકમાં ક્ષિપ્ત અને મૂઢ અવસ્થામાંથી મહેશભાઈએ ક્રમશઃ વિક્ષિપ્ત અને એકાગ્ર અવસ્થા સુધી પહોંચવું જોઈએ. વર્ષોની સતત મહેનત અને સમજના વિકાસ બાદ તે પણ નિરૂદ્ધ અવસ્થાને અવશ્ય પામી શકે છે.

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ની ૧૬મી લોકસભામાં ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ નાના રાજયોમાં ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની સીમા કેટલી નક્કી કરવામાં આવી હતી ?
➜ **૫૪,૦૦,૦૦૦ (ચોપ્પન લાખ)**

૨. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીની સાથે કેટલા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી ?
➜ **ચાર રાજયો**

૩. ૨૦૧૪માં ભારતીય ઇતિહાસ અનુસંધાન પરિષદના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **વાઇ. સુદર્શન રાવ**

૪. ૨૦૧૪ સંગીત કલાનિધિ પુરસ્કાર કોને જીત્યો હતો ?
➜ **નારાયણસ્વામી અય્યર**

૫. ૨૦૧૪માં ભારતીય સુપ્રીમ કોર્ટ દ્વારા અરૂણા શાનબૌગ મુદ્દે દિશાનિર્દેશ આપવામાં આવ્યો છે આ મુદ્દો કઇ બાબત સાથે સંબંધ ધરાવે છે ?
➜ **ઇચ્છામૃત્યુ**

૬. ૨૦૧૪ પ્રેમ ભાટીયા પુરસ્કાર કોણે જીત્યો હતો ?
➜ **સ્મિતા ગુપ્તા**

૭. ૨૦૧૫માં ૭મી ઇબ્સા શિખર સંમેલનની યજમાની કયો દેશ કરશે ?
➜ **ભારત**

૮. ૨૦૧૪માં ૧૨૭માં દુરાન્દ કપ ફૂટબોલ પ્રતિયોગિતાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
➜ **ગોવા**

૯. ૨૦૧૪માં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **બી. અશોક**

૧૦. ૨૦૧૪ સિવિલ સર્વિસેસ પરીક્ષામાં સી-સેટના અધ્યયન માટે કઇ સમિતિની રચના કરવામાં આવી છે ?
➜ **અરવિંદ વર્મા સમિતિ**

૧૧. ૨૦૧૪માં ભારતીય નૌસેના કયા યુદ્ધજહાજમાં દુર્ઘટના થઇ હતી ?
➜ **આઇ.એન.એસ. કુમાર**

૧૨. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીના પરિણામો કઇ તારીખે જાહેર કરવામાં આવ્યા હતા ?
➜ **૧૬મી મે**

૧૩. ૨૦૧૪માં ભારત સરકારે દેશનાં કયા ત્રણ શહેરમાં હવાઇ મથકોને આંતરરાષ્ટ્રીય હવાઇ મથકનો દરજ્જો આપ્યો છે ?
➜ **ભોપાલ, ઇન્દોર, રાયપુર**

૧૪. આઇ.એન.એસ. કમરોટા શું છે ?
➜ **લડાકુ જહાજ**

૧૫. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણી કેટલા તબક્કામાં યોજાઇ હતી ?
➜ **નવ (૯)**

૧૬. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કેટલા મતદારો નોંધાયા હતા ?
➜ **૮૧.૪૦ કરોડ**

૧૭. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં કેટલા મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા હતા ?
➜ **૯,૩૦,૦૦૦ (નવ લાખ ત્રીસ હજાર)**

૧૮. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કેટલા નવા મતદારો નોંધાયા હતા ?
➜ **૯.૭૧ કરોડ**

૧૯. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં કુલ કેટલા કરોડ મતદારોએ પ્રથમવાર મતદાન કર્યું હતું ?
➜ **૨.૩૧ કરોડ**

૨૦. ૨૦૧૪ની ૧૬મી લોકસભામાં ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ મોટા રાજયોમાં ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની સીમા કેટલી નક્કી કરવામાં આવી હતી ?
➜ **૭૦,૦૦,૦૦૦ (સીત્તેર લાખ)**